**Gujarat Samachar Pg 6, 20th March 2022**

# બિટકોઈનના ભાવ વધી ૪૨ હજાર ડોલરને આંબી ગયા : આઈસી૧૫ ઈન્ડેક્સમાં વૃદ્ધિ

મુંબઈ, તા. ૧૯

શનિવારે મોટાભાગની ક્રીપ્ટોકરન્સીના ભાવ વધ્યા હતા. ટોચની વધેલી કરન્સીમાં ઈથેરિયમ સામેલ હતી. ઈથેરિયમ ચોવીસ કલાકના ગાળામાં પાંચ ટકા વધીને ૩,૦૦૦ ડાત્તલરની નજીક પહોંચ્યો છે. બિટકોઈન પણ સતત વધતો રહીને ૪૨,૦૦૦ ડાત્તલરની નજીક પહોંચી ગયો છે.

ઈથેરિયમનું કિલ્ન ટેસ્ટનેટ પર મર્જર થવાને પગલે તેના ભાવમાં ઉછાળો આવ્યો હતો. બીજી બાજુ, એક્સચેન્જો પર લિસ્ટેડ પરપેચ્યુઅલ ફ્યુચર્સમાં લોંગ બીટીસી પોઝિશન રાખી મૂકવાના ખર્ચ એટલે કે એવરેજ ફન્ડિંગ રેટમાં ઉછાળો આવતાં ક્રીપ્ટોકરન્સીમાં તેજીનું માનસ છવાયું છે.

વૈશ્વિક ક્રીપ્ટોકરન્સી માર્કેટનું કેપિટલાઈઝેશન ચોવીસ કલાકમાં ત્રણેક ટકા વધીને ૧.૮૮ ટ્રિલ્યન ડોલર થયું છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શનિવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૪૯ ટકા (૨,૦૪૩ પોઈન્ટ) વધીને ૬૦,૫૧૩ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૫૮,૪૭૦ ખૂલીને ૬૧,૦૪૬ સુધીની ઉંચી અને ૫૭,૯૧૦ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.